હિંમતનગર ખાતે કલેક્ટરશ્રી નૈમેષ દવેની અધ્યક્ષતામાં પત્રકાર સ્નેહ મિલન અને શુભેચ્છા સમારંભ યોજાયો

અમદાવાદ, સાબરકાંઠા જિલ્લામાં વિક્રમ સંવતના નૂતન વર્ષ નિમિતે કલેક્ટરશ્રી નૈમેષ દવેની અધ્યક્ષતામાં પત્રકાર સ્નેહ મિલન અને શુભેચ્છા સમારંભ હોટલ મેડ ઓવર ગ્રીલ હિંમતનગર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેએ વિક્રમ સંવતના નૂતન વર્ષની મંગલમય શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓએ જણાવ્યું હતું કે પત્રકરત્વ લોકશાહી દેશનો ચોથો સ્તંભ છે. લોકસેવામાં પત્રકારની મહત્વની ભુમિકા છે. પત્રકારોત્વ થકી ઉપયોગી માહિતી જન જન સુધી પહોંચાડવામાં આવે છે. આ સાથે જ શ્રી હરિષ પરમારને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી મળતા શાલ ઓઢાડીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં સંયુક્ત માહિતી નિયામકશ્રી અમિત ગઢવી અને માહિતી નિયામકશ્રી હિમાંશુ દેશાઈ તથા માહિતી પરીવાર જન જન સુધી પહોંચાડવામાં આવે છે. આ સાથે જ શ્રી હરિષ પરમારને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી મળતા મહાનુભાવો, પત્રકારમિત્રો તથા માહિતી પરીવાર દ્વારા શ્રી ફળ, સાકર, મોમેન્ટો તેમજ શાલ ઓઢાડી અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવી હતી.

રેતનું રણ પસાર કરનાર પ્રથમ ભારતીય મહિલા

સાહસ કરવાનો ઈજારો ફક્ત આધુનિક યુવકોનો જ નથી. આધુનિક યુવતી/મહિલા એટલી જ સાહસિક અને એડવેન્ચરસ હોય છે. આજે વાત કરવી છે. એવી જ એક ભારતીય પ્રથમ યુવતીની, જેણે એશિયાનું સૌથી મોટું અને વિશ્વનું પાંચમું રણ 'ગોબી' નિર્ધારિત સમય કરતાં પહેલા પસાર કર્યું.

આ યુવતી એટલે પુનાની સુચેતા કાઠેકાણકર.

સુચેતા નાનપણથી જ સાહસિક વૃત્તિ ધરાવતી હતી. શાળામાં ભણવામાં તો તેજસ્વી ખરી જ પણ, કોઈપણ નવી વસ્તુ કરવામાં પહેલી. કોઈપણ વસ્તુથી ડરે નહિ. બધા કરતાં કંઈ જુદું જ કરવાની કોશિશ કરે. પુનામાં શાળાનું ભણતર પુરું કરીને સ્નાતક થવા માટે કોલેજમાં ઈતિહાસ વિષય લીધો જેથી નવી નવી જગ્યાઓ વિષે જાણી શકાય. ઉપરાંત યુદ્ધો, જુદા જુદા રાજાઓ ની વાતો વગેરે જાણી શકે જે તેની સાહસવૃત્તિમાં ક્યારેક કામ લાગી શકે. સુચેતાએ આ ઉપરાંત જર્નાલીઝમ અને આઈટીનું પણ કર્યું. સુચેતા રમતગમતમાં પણ હોશિયાર હતી અને સ્પોર્ટસવુમન હતી. આથી ટ્રેકીંગ વગેરેમાં હંમેશા પ્રથમ રહેતી સાઈકલીંગ જેવી રમતમાં પણ આગળ હતી. દરેક રવિવાર અને ગુરૂવારે સહ્યાદ્રી પર્વત પર ટ્રેકીંગ માટે જતી.

પરંતુ સાહસિક સુચેતા અને રણ અને નદી પાર કરવાની પેશન હતી. તે માન્તી કે એવરેસ્ટ પર્વત કે, ચેનલો કે ચેનલો વગેરે ઘણા કરે પરંતુ રણ પાર કરવાની હિંમત અને સાહસ ભાગ્યે જ કોઈ મહિલા કે યુવતી કરે. આમ વિચારતા, વિચારતા સુચેતાએ રણ પાર કરવાનું નક્કી કર્યું અને એ અંગે માહિતી મેળવવા માંડી.

આર્યલેન્ડની એક ટુકડી એશિયામાં આવેલું રેતીનું 'ગોબી' રણ પાર કરવા જઈ રહી હતી. સુચેતા કાઠેકાણકર, તેમાં જોડાઈ. આ મીશન ૬૦ દિવસનું હતું. ૬૦ દિવસમાં 'ગોબી'નું રણ પાર કરવાનું હતું.

'ગોબી'નું રણ એશિયાનું મોટામાં મોટું રણ છે જે ૧૬૦૦ કિ.મી. લાબું છે. જ્યાં રણમાં રેતીની ડમરીઓના તોફાનો પુછ્છળ આવે છે અહીં દિવસે સાવ ગરમી ને રાત્રે ખૂબ ઠંડી પડે છે. આ રણમાં માણસોની વસ્તી ભાગ્યે જ જોવા મળે. ક્વાંક ક્વાંક રડયાખડયા 'ઈગલુ' બાંધી, છૂપ પ્રકારના વણઝારાઓની વસ્તી જોવા મળે.

આ રણને પાર કરવા માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ હતો. સુચેતાએ આ મુશ્કેલીઓ પાર 'ગોબી'રણ પાર કરવાનું સાહસ કર્યું.

ટ્રેકીંગ શરૂ થતા પહેલા, ટીમના તેર સભ્યોએ સાથે રહી પરિચય કેળવવો જરૂરી હતો આથી તેઓને સાથે રાખવા પડયા.

સુચેતા અને તેના સાથીઓનું 'ગોબી 'રણનું ૬૦ દિવસનું ટ્રેકીંગ શરૂ થયું. અહીં સખત ગરમી ને રાત્રે ઠંડી હોય એટલે પહેલા ૧૫ દિવસ તો શરીરના તાપમાનને અનુકૂળ થતા જવાર લાગે. ને આટલા દિવસ નીકળી જાય. દિવસે ૪૫ ડિગ્રી સેન્ટીગ્રેડ ગરમી હોય અને રાત્રે ૩ ડિગ્રી સેન્ટ્રીગ્રેડ ઠંડી હોય. આ તાપમાનના અત્યંત ફેરફારને લીધે સુચેતાને પ્રથમ ફલુ થઈ ગયો. આટલી ગરમીમાં પણ તેણીને સ્વેટરો પહેરી ટ્રેકીંગ કરવું પડયું.

આટલેથી તેની મુશ્કેલીઓ અટકી નહિ. દિવસે ચાલતાં ચાલતાં રેતીના તોફાનો આવતા, ગરમ રેતીની ઉડતી ડમરીઓનો સામનો કરવો પડતો. આ રેતીઓ માણસની ઊંચાઈ કરતાં પણ ઊંચી ઊડતી, આથી કંઈ પણ આગળ દેખાવાનું બંધ થઈ જતું. આથી ઘણીવાર રસ્તો ઊંધી દિશામાં પકડાઈ જતો. પાસે ગુગલ મેપ હોવાથી પાછી ચોક્કસને સહી દિશામાં વળી જતી. પરંતુ જ્યારે ખોટે રસ્તે ચડી જતી ત્યારે ખબર પડતી કે ઘણીવાર ખૂબ આગળ નીકળી ગઈ છે. જોડેના સાથીદારો પણ અટવાઈ જતા, બધા પાછા અમુક ચોક્કસ પોઈન્ટ નક્કી કરી ભેગા થતા.

બીજું કે સામાન્ય રીતે પર્વતનું ટ્રેકીંગ હોય કે વૃક્ષો વગેરેની હરિયાળી અને સૌંદર્ય દેખાય. એવરેસ્ટ હોય તો બરફ દેખાય. ને ક્વારેક ચડતા-ઉતરતા માણસો પણ દેખાય પરંતુ અહીં તો રેતી સિવાય કંઈ ના દેખાય.

વળી સવાર વહેલી પાંચ વાગે પડે અને સૂરજ વહેલો ઊગે, જ્યારે સૂર્યાસ્ત રાત્રે આઠ વાગે થાય એટલે દિવસના સમયની તો ખ્યાલ જ ના આવે. એટલે ખાસ તમારે ઘડીયાળ પહેરી રાખવી જ પડે. જેમાં જોઈ તમે ટાઈમ જાણી શકો અને એ પ્રમાણે દિવસની દિનચર્યાનું ટાઈમટેબલ બનાવી શકો.

અહીં પાણી વગેરે તમારી સાથે એક વ્યક્તિ ઊંટ પર લઈને સાથે ચાલે. આથી એકવાર પાણી પીતી વખતે ઊંટ કંઈ ચીડાઈ ગયું આથી ઊંટે સુચેતાને લાત મારી. અને તેણીએ લગભગ બે ત્રણ દિવસ આરામ કરવાની સલાહ આપવામાં આવી પરંતુ સુચેતાએ ચાલવાનું ચાલુ રાખ્યું.

આમ આટલી મુશ્કેલીઓ સહન કરી સુચેતાએ અડધું રણ પાર કર્યું, ત્યારે લગભગ અડધા દિવસો પૂરા થયા હતા.

સુચેતા કાઠેકણકર જણાવે છે કે જમવા માટે પણ તેમને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી, 'ઘણીવાર બપોરે જમવાની વેન પણ ના આવે, અથવા દિશા બદલાઈ ગઈ હોય તો, એ લોકો આપણને શોધી ના શકે એટલે આપણે ભુખ્યા રહેવાનો વારો આવે. ઉપરાંત પાણી પણ ૧ લીટર ભરવા મળે. ખલાસ થઈ જાય એટલે પાણી ભરવા માટે જગ્યા શોધવી પડે. ચારે બાજુ રેતી જ હોય એટલે ક્યાં જવું તે સમજણ ના પડે.



આ બધી અનેક મુશ્કેલીઓ અમે વેઠતા હતા.'

આમ થોડા દિવસોમાં મુશ્કેલીઓ સહન ના થતા અડધી વ્યક્તિઓ નીકળી ગઈ. એટલે સુચેતા જણાવે છે કે તેને માનસિક સખત આઘાત લાગ્યો. એટલે ઢર બે દિવસે તેને નીકળી જવાનું મન થતું. પરંતુ સુચેતા પોતાના સામાનમાં કેટલીક ઓડીયો ચોપડીઓ લાવી હતી. આમાં નીલ આમસ્ટ્રોંગ ચંદ્ર પર પગ મુકનાર પ્રથમ માનવીની ચોપડી હતી. જેમાં નીલ આમ સ્ટ્રોંગે પ્રથમ વખત આકાશની સપાટી પર જે જે મુશ્કેલીઓ પડી, એનો સામનો કરી હાર ન માનતા લખ્યું હતું કે, 'ફ્રૈલ જીર્દ્રેટ્રેડિમ ઊંદજ્ર કીર્ત્રિ' એટલે કોઈપણ કાર્યમાં થતું દઈ થોડા સમય માટે હોય છે જ્યારે તે કાર્યક્ષેત્ર છોડી દો તો તે તમારું નીકળી જવું કાયમ બની જાય છે. આ વાકય સુચેતા વારંવાર રટયા કરતી અને જ્યારે જ્યારે નીરાશ થાય ત્યારે તે સાંભળતી. છેલ્લા દિવસોમાં વધારે પડતી ગરમીમાં રહેવાને કારણે તેણીને ફોલ્લા થયા. આ ફોલ્લાનો દુઃખાવો અસહ્ય ને તેની સાથે ગરમીમાં ચાલવાનું. લગભગ અશક્ય જ ગણી શકાય, પરંતુ સુચેતાની હિમ્મતે, આ અશક્ય પરિસ્થિતિને પણ શક્ય બનાવી. છેલ્લા દિવસોમાં પથ્થરનો ડુંગર ઓળંગીને અંતિમ સ્થાન સુધી પહોંચવાનું હતું. આ ડુંગર ગરમીમાં ખૂબ તપી જાય તેથી પગલા સંભાળીને મુકવા પડે. આ અવરોધ પણ પાર કરી સુચેતા કાઠેકણકર રણ પસાર કરનાર પ્રથમ ભારતીય મહિલા બની.

ICICI Home Finance
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએકેસી ટાવર, બરોડા કુલ્લા, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.
શાખા ઓફિસ : પહેલો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરીયન આર્કેડ કોમ્પ્લેક્ષ, ઈનોક મલ્ટીપ્લેક્ષ ની પાસે, ડોભલ, અડુલ - ૩૮૨૦૦૧.
શાખા ઓફિસ : યોથી માળ, ૨૧૦, આઈવરલોન વાઈબ્રન્ટ, એપલ સોફિસ્ટિકની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨.
શાખા ઓફિસ : યોથી માળ, ઓફિસ નં. ૨૩૯-૪૨૩, એમેરાલ્ડ વન, વિનર્ગ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦.
શાખા ઓફિસ : પ્લોટ નં. ૩૪૨, બ્લોક નં. ૧૨બી, ઓફિસ નં. ૨૦૩, બીજો માળ, રાજકમલ - ૨, યશ બેંકની પાસે, આઈસીઆઈસીઆઈ બેંક, ગાંધીધામ - ૩૭૦૨૦૧.
શાખા ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
શાખા ઓફિસ : યુનિટ નં. ૦૩, પહેલો માળ, શાંતિ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. પી-૫૦/૧, જીઆઈડીસી, ૨૧મી સેન્ચ્યુરી હોસ્પિટલની પાછળ, વાપી - ૩૯૧૧૫૫.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ)

સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ ઠોમાં સિરયે મુદ્દેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબ્જો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ** અહીં આપેલી સ્થિતિ ધિરાણ મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારનાં/સહ-દેવાદારનાં/જામીનદારો/ગ્યારંટરના વારસાદાર નું નામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી દહેણી રકમ	અનામત કિંમત -------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	માનસીંગ વેંકાજી બોવા (ઉધારકર્તા), પ્રેમ કુંવરબાજી માનસીંગજી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. HHMDI00000834901 & HHMDI00000033121	પ્લોટ નં. ૨૫, મેરાઈ, બસ સ્ટેશન ની પાસે, આર. એસ. નં. ૧૪૨/બી, ભુજ - ૩૭૦૦૦૧.	રૂા. ૨૫,૬૭,૦૬૯/- ૨૦.૧૧.૨૦૨૩	રૂા. ૬,૦૬,૨૨૯/- -------- રૂા. ૬૦,૬૩૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૨.	ખાન અકરમ અકબર (ઉધારકર્તા), શાઝીયા અકરમ ખાન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001135692	પ્લોટ નં. ૮૨-એ, મેઘા ડાયમંડ, બાલેશ્વર ગામ ની પાસે, પલસાણા, ૩૪, બારડોલી, ગુજરાત - ૩૯૪૩૧૭.	રૂા. ૧૦,૧૪,૯૯૮/- ------ રૂા. ૬૧,૧૨૦/-	રૂા. ૬,૧૧,૧૧૮/- -------- રૂા. ૬૧,૧૨૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૩.	સીરસાથ વિશ્વાસ (ઉધારકર્તા), સીરસાથ જયશ્રીબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001351862 & LHSUR00001351861	ઘરનાં બાંધકામનો આર.એસ. નં. ૮૩/એ, રાધીકા રેસીડેન્સી થી જીવીતું, પેરી પ્લોટ નં. ૪૪૪, ગામ - કરેલી, સબ જીલ્લો - પલસાણા, જીલ્લો સોત, સુરત - ૩૯૪૩૦.	રૂા. ૬,૦૩,૩૫૭/- ૨૦.૧૧.૨૦૨૩	રૂા. ૬,૦૭,૦૨૧/- -------- રૂા. ૬૮,૮૦૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૪.	દિપેશકુમાર સોલંકી (ઉધારકર્તા), નેહા દિપેશકુમાર સોલંકી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001355260 & LHBRD00001355228	ક્વોર્ટર નં. ૩૦૨, બીજો માળ, ન્યુ શ્રીજી ક્વોર્ટસ, શ્રીએન નં. ૧૫૧૦ (પેઢી ૧૫૧૩ થી ૧૫૧૮, ૧૫૮૮, ૧૫૮૯) અને સીએસ નં. ૧૫૧૯, સ્વામીનારાયણ મંદિર ની પાસે, ૬૩૨૨, ૬૩૨૧, વડોદરા - ૩૯૦૦૧૦.	રૂા. ૨૬,૬૩,૪૩૩/- ૨૦.૧૧.૨૦૨૩	રૂા. ૬,૦૬,૪૯૨/- -------- રૂા. ૬૦,૬૮૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૫.	માનસિંગભાઈ લુહારીયા (ઉધારકર્તા), તોરલબેન લુહારીયા (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. NHBRD00001277408	૪૦૧, પહેલો માળ, બરોડીયન, એલબીએસ સ્કુલની પાસે, મકરપુરા, વડોદરા, આર. એસ. નં. ૧૬૨, વડોદરા-૩૯૦૦૧૪.	રૂા. ૧૦,૧૫,૪૮૯/- ૧૬.૧૧.૨૦૨૩	રૂા. ૧૨,૫૬,૯૫૦/- -------- રૂા.૧,૨૫,૯૭૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૬.	બિનોદકુમાર જે શો (ઉધારકર્તા), રીકુ શો (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001302743 & LHBRD00001302742	ક્વોર્ટર નં. ૩૧૩, ત્રીજો માળ, રાજદીપ કોમ્પ્લેક્ષ, આર.એસ. નં. ૨૧૦, સંકલ પાર્ક સોસાયટી ની પાસે, મોનીનગર, ગામ - તરસાલી, જીલ્લો અને સબ જીલ્લો - વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૮.	રૂા. ૩૯,૨૬,૬૪૨/- ૧૬.૧૧.૨૦૨૩	રૂા. ૬,૦૬,૬૦૫/- -------- રૂા. ૬૦,૬૭૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૭.	માનસ રંજન શતપથી (ઉધારકર્તા), રસ્મીતા શતપથી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHVPI00001317332	ક્વોર્ટર નં. સી-૨/૧૦૭, પહેલો માળ, બિલ્ડીંગ નં. સી-૨, શ્રધ્ધા રેસીડેન્સી, જૂના વાઠીકાની પાસે, ગામ - મોરાઈ, ૪૭/૨, વાપી- ૩૯૧૧૯૧.	રૂા. ૬,૬૮,૭૮૩/- ૧૬.૧૧.૨૦૨૩	રૂા. ૧૦,૩૪,૨૮૦/- -------- રૂા.૧,૦૩,૪૭૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૮.	ભીમાભાઈ ભરવાડ (ઉધારકર્તા), ભરવાડ રેખાબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001349965 & LHBRD00001349943	પ્લોટ નં. ૩૦૧ અને ૩૦૨, શ્રી રેસીડેન્સી, પ્લોટ નં. બી/૨૩, ઈશ્વરદર્શન હાઉસીંગ સોસાયટી, અટલાદરા, જૂનાં આર.એસ. નં. ૫૪૩, ૫૪૪, ૫૪૨, ૫૪૦, ૫૫૫/૧-૨, ૫૫૩, વડોદરા-૩૯૦૦૧૨.	રૂા. ૩૭,૫૮,૩૮૦/- ૧૬.૧૧.૨૦૨૩	રૂા. ૨૫,૬૦,૪૪૪/- -------- રૂા. ૨,૫૬,૮૮૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૯.	કેલાસબેન પરમાર (ઉધારકર્તા), ઉમેશભાઈ પરમાર (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAHW00001334670	એચ-૨૦૮, યુનિટ-૯, એચ-૨૦૮, બીજો માળ, આફ્રિક કેસર સીટી, નેબુલા ની પાસે, રાજકોટ, અમદાવાદ હાઈવે, ૨૫૨/૧, અમદાવાદ-૩૮૨૩૪૫.	રૂા. ૬,૮૦,૬૬૯/- ૧૬.૧૧.૨૦૨૩	રૂા. ૬,૧૬,૧૦૦/- -------- રૂા. ૬૫,૬૧૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૧૦.	શ્રવણકુમાર વિશ્વકર્મા (ઉધારકર્તા), પિંકી દેવ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRH00001414624 & LHBRH00001414661	ક્વોર્ટર નં. ૬૦, વિશ્વાસ રેસીડેન્સી, તમારિલા સ્કુલની પાસે, કુવારડા ક્રિક રોડ, મોજે - કુવારડા, મોજે - કુવારડા, ભ્લોક - ૩૨૨, પ્લોટ નં. ૧૦, સુરત, ગુજરાત - ૩૯૪૪૧૦, સુરત, ગુજરાત - ૩૯૪૪૧૦.	રૂા. ૬,૧૪,૩૩૨/- ૨૩.૧૧.૨૦૨૩	રૂા. ૬૫,૬૧૦/- -------- રૂા. ૬૫,૬૧૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૧૧.	અનિલકુમાર રામા, શંકર પાન (ઉધારકર્તા), સંગીતા દેવી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001323037	ઓફિસ નં. ૩૨૪, પેવેલીયન પ્લાઝા, જે સિયત સર્વે નં. ૭૫, ૮૦, ૮૯, ભ્લોક નં. ૧૩૮, ટીપી સ્કીમ નં. ૧૯, એફપી નં. ૧૨૨/બી, એફપી નં. ૧૨૪બી, સબ પ્લોટ નં. ૩, પ્રયોશા પ્રાઈડ, ડીંડોલી, સુરત - ૩૯૪૨૧૦.	રૂા. ૬,૯૬,૯૬૬/- ૨૩.૧૧.૨૦૨૩	રૂા. ૬,૧૬,૪૫૬/- -------- રૂા. ૬૫,૬૧૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૧૨.	રીયાઝુદ્દીન મહમદમીયા સૈયદ (ઉધારકર્તા), તાહેરાબાનુ આર સૈયદ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. NHKJN00000825853	પ્લોટ નં. ૨૮, ફૈઝાન મદની પાર્ક, ગુજરાતી સ્કુલની પાછળ, જવાહરાલ નગર, આર. એસ. નં. ૮૧૩/૧, ૮૧૩/૨, મીયાગામ - ૩૯૧૨૪૦.	રૂા. ૬,૬૧,૪૫૬/- ૨૩.૧૧.૨૦૨૩	રૂા. ૧૩,૪૮,૮૦૫/- -------- રૂા. ૧,૪૮,૮૦૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૧૩.	બુલુ વિશ્વાલ (ઉધારકર્તા), કુની વિશ્વાલ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001325738	પ્લોટ નં. ૧૭૪, મેઘા ડાયમંડ - ૨, બાલેશ્વર ગામની પાસે, બાલેશ્વર ટુંકી રોડ, મોજે - બાલેશ્વર, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, ગુજરાત.	રૂા. ૧૩,૫૫,૬૪૮/- ૨૩.૧૧.૨૦૨૩	રૂા. ૬,૧૮,૬૮૪/- -------- રૂા. ૬૧,૮૮૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૧૪.	યોગેશકુમાર ખિદ (ઉધારકર્તા), પંકલી દેવી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHVPI00001283878	ક્વોર્ટર નં. એફ-૧/૧૦૩, પહેલો માળ, બિલ્ડીંગ નં. એફ૧, શીવ શકિત ટાઉનશીપ થી જીણીતું, જુની આર.એસ. નં. ૮, ન્યુ એસ. નં. ૩૭૮, મું. સારણ, તાલુકો - પારડી, જીલ્લો - વલસાડ - ૩૯૧૮૫૫.	રૂા. ૧૩,૨૧,૮૧૫/- ૨૩.૧૧.૨૦૨૩	રૂા. ૬૭,૪૮,૦૬૦/- -------- રૂા. ૧,૪૮,૮૦૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી
૧૫.	કરણ જતિન દોશી (ઉધારકર્તા), ઉમા જતિન દોશી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHMUM00001274300	સાતમાં માળ, પ્રથમ રીવેરા ફલોરેન્સ, નીલ ગામની પાસે, ચાપડ રોડ, વડોદરા - ૧ ૧૧૦૭, વડોદરા - ૩૯૦૦૨૧.	રૂા. ૧૩,૩૬,૮૩૦/- ૨૩.૧૧.૨૦૨૩	રૂા. ૬૭,૩૬,૩૦૩/- -------- રૂા. ૧,૫૩,૬૬૦/-	૧૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી	૧૯.૧૨.૨૦૨૩ બપોરે ૨.૦૦ વી બાગે 3.00 વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૧૮.૧૨.૨૦૨૩ સુધી સંભરના ૫.૦૦ વાગ્યા પહેલા** વત્ત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અકસ્યાપત્તો ઉપરોકત ઉદ્દેશ્યના મુજબ વેચવામાં આવશે. સંભવિત બિડરોને અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦, તા. ૧૮.૧૨.૨૦૨૩ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦ ખાતે તા. ૧૮.૧૨.૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નીંધણી કોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડ્રાફ્ટ (ડીડી) **ભુજ, બારડોલી, સુરત, વડસર, વડોદરા, વાપી, અમદાવાદ, મીરાગામ, વલસાડ** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ - ઓકશનની તારીખમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવી જોઈએ. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ પણ ૨૫૧૦૨૦૧ માટે કૃપા કરીને **૦૨૨ - ૭૬૬૬૩૦૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સોલ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન પ્રાઈવેટ લિમીટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/**-ની મુલાકાત લો.

તારીખ : ૦૧.૧૨.૨૦૨૩
સ્થળ : ભુજ, બારડોલી, સુરત, વડસર, વડોદરા, વાપી, અમદાવાદ, મીરાગામ, વલસાડ

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ

શ્રીરામ